## ઈન્ડિયન એસોસિએશન ઓફ ઓક્યુપેશનલ હેલ્થની ૭૬મી કોન્ફરન્સ શરૂ

# જામનગરમાં રાષ્ટ્રીયકક્ષાની "ઓક્યુકોન" કોન્ફરન્સનો પ્રારંભ: ૧૦ જાન્યુઆરી સુધી ચાલશે




(તસ્વીર: પરેશ ફલીયા)

ઈન્ડિયન એસોસિએશન ઓફ ઓક્યુપેશનલ હેલ્થની ૭૬મી રાષ્ટ્રીય સ્તરની ચાર દિવસીય કોન્ફરન્સ 'ઓક્યુકોન' નો જામનગરમાં પદમ હોલમાં વિધિવત રીતે આરંભ કરવામાં આવ્યો હતો. તા. ૧૦-૧-૨૬ સુધી ચાલનારી આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના ઔદ્યોગિક સલામતિ અને આરોગ્ય નિયામક કચેરીના નિયામક પી.એમ.શાહ, સરકારી એમ.પી.શાહ મેડિકલ કોલેજના ડીન ડો. નંદીની દેસાઈ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવ્યું હતું. સમગ્ર કોન્ફરન્સનું આયોજન કોન્ફરન્સ ડિરેક્ટર ડો. આર. રાજેશ, ઓર્ગેનાઈઝર ડો. કિર્તીબેન ચુડાસમા, ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. ભાવેશ ખોડડીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

### વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મીશનના પાસાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો:

## વી.બી. જી રામ જી યોજના અંગે સાંસદ દ્વારા અપાઈ વિગતો



જામનગર તા. ૮: જામનગરમાં ગઈકાલે કેન્દ્ર સરકારના વી.બી.-જી રામ જી મીશન અંગે વિગતો આપવા માટે પ્રેસ કોન્ફરન્સ રાખવામાં આવી હતી. જેમાં જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સાંસદ પુનમબેન માડમ, જામનગર જિલ્લા ભાજપના અધ્યક્ષ ડો. વિનોદ ભંડેરી, જામનગર શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી ઉપસ્થિત રહ્યા હતા.

આ વેળાએ સાંસદ પૂનમબેને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧ વર્ષના કાર્યકાળમાં લોકહિતને કેન્દ્રસ્થાને રાખીને નિર્ણયો લેવાયા છે. તે જ રીતે ગરીબ તેમજ વંચિત અને સમાજના છેવાડાના વ્યક્તિના વિકાસને મુખ્ય ધારામાં લાવવા માટે આ યોજનામાં વધુ રોજગારી, વધુ આવક આપવામાં આવશે.

કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થકી એક દાયકામાં ૨૫ કરોડથી વધુ દેશવાસીઓ ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. તે રીતે આ યોજના રોજગારી, આવકની સાથે આર્થિક સુરક્ષા પણ આપશે. પહેલા મનરેગા યોજનામાં ૧૦૦ દિવસ કામ મળતું હતું ત્યારે હવે વી.બી. જી રામ જી યોજનામાં ૧૨૫ દિવસ કામની ગેરંટી મળશે. તેની સાથે ખેડુતો જ્યારે વાવણી કે કાપણીની કામગીરીમાં વ્યસ્ત હશે ત્યારે ૬૦ દિવસ સુધી યોજનાનું કામ રોકવાની જોગવાઈ કરવામાં આવી છે. તેના કારણે ખેતીની સિઝનમાં ૧૨૫ દિવસ અને ૬૦ દિવસ મળી ૧૮૫ દિવસ રોજગારી મળી શકશે.

આ યોજનામાં જળસુરક્ષા, ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ રોજગારી અને કુદરતી આપત્તિ સામેનું રક્ષણ રાખવામાં આવ્યું છે. યોજનાના સુચારૂ અમલ માટે બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન, જીયોટેગીંગ, રીયલ ટાઈમ ડેસબોર્ડ દ્વારા પારદર્શિકા રાખવામાં આવશે. વેતનની ચૂકવણી સમયસર થાય તે માટે વિલંબ અંગે વળતરની પણ જોગવાઈ કરવામાં આવી છે. આમ વિકસિત ભારત જી રામ જી યોજના શ્રમનું સન્માન છે.

આ યોજના ગામડા અને ગરીબોને સશક્ત કરવામાં યોગદાન આપશે. આઝાદીના શતાબ્દી વર્ષ-૨૦૪૭માં પ્રત્યેક ક્ષેત્રમાં વિશ્વસ્તરે ભારતની અગ્રેસરતા માટે વડાપ્રધાન દુરંદેશીતા સાથે દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. મનરેગા યોજના વર્ષ ૨૦૦૫માં શરૂ થઈ હતી પરંતુ ત્યારથી આજનું ગ્રામીણ ભારત ઘણું બધું બદલાઈ ચૂક્યું છે. વર્ષ ૨૦૧૧-૧૨માં ગ્રામીણ ગરીબીનું પ્રમાણ ૨૫.૭ ટકા હતું તે ગયા વર્ષમાં ઘટીને ૪.૮૬ ટકા થઈ ગયું છે. મનરેગા યોજનામાં ૧૫ દિવસે વેતન ચૂકવાતું હતું. જયાર જી રામ જી યોજનામાં સાપ્તાહિક વેતન ચૂકવાશે. પારદર્શિતા વધવાના કારણે નકલી લાભાર્થીઓ તેનો લાભ નહીં મેળવી શકે.

### હકુમતી સરવાણીયા-ધુનધોરાજી, લાવડિયા મકવાણા માર્ગ:

## કાલાવડ અને જામનગર તાલુકાના ગ્રામ્ય માર્ગો માટે રૂા. ૧.30 કરોડના ખર્ચે નવીનીકરણ પ્રક્રીયા

જામનગર તા. ૫: જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન વ્યવસ્થાને વધુ સુવિધાજનક બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા બે મહત્વના રસ્તાઓના સપાટી સુધારણાના કામો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લાના કાલાવડ અને જામનગર તાલુકાના ગ્રામ્ય માર્ગો માટે કુલ રૂ.૧.૩૦ કરોડના ખર્ચે નવીનીકરણની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

કાલાવડ તાલુકાના અગત્યના એવા ૨. કિલોમીટર લાંબા હકુમતી સરવાણીયાથી ધુનધોરાજી રોડ માટે વિભાગ દ્વારા રૂ.૭૦.૦૦ લાખની રકમ ફાળવવામાં આવી છે. આ રસ્તો હકુમતી સરવાણીયાને ધુનધોરાજી તથા અન્ય ગામો સાથે જોડે છે અને તાલુકા મથક સુધી પહોંચવા માટે ખૂબ જ મહત્વનો છે. લાંબા સમયથી રસ્તાની સપાટી બિસ્માર હોવાથી અહીં ડામર કામ અને રોડ ફર્નિચરની કામગીરી કરવામાં આવશે, જેથી આ વિસ્તારના વાહનચાલકોને મુશ્કેલીમાંથી મુક્તિ મળશે.

બીજી તરફ, જામનગર તાલુકામાં આવેલ ૧.૬૫ કિમી લંબાઈ ધરાવતા લાવડિયા-મકવાણા-ઢંઢા રોડના ઈમ્પ્રુવમેન્ટ માટે રૂ.૬૦.૦૦ લાખનો જોબ નંબર મંજૂર કરાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ડામર કામની સાથે સાથે જરૂરિયાત મુજબ સીસી રોડ અને રોડ ફર્નિચરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ રસ્તો લાવડિયા, મકવાણા અને ઢંઢા ગામના લોકો માટે પરિવહનનું મુખ્ય માધ્યમ હોવાથી તેની સુધારણા ગ્રામીણ અર્થતંત્ર અને સુવિધા માટે પાયારૂપ સાબિત થશે.

પંચાયત માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કે.બી.છૈયા, નાયબ કાર્યપાલક ઈજનેર એસ.સી.બાંભણીયા તથા બી.આર. વસરાના સીધા માર્ગદર્શન હેઠળ આ બંને રસ્તાઓની કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટેના આદેશો અપાયા છે. વહીવટી તંત્રના આ હકારાત્મક અભિગમથી આગામી ટૂંકા સમયમાં જ સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોને આરામદાયક તેમજ સુરક્ષિત મુસાફરીનો લાભ મળતો થશે.

### બાઈકચાલક સામે પોલીસમાં ફરિયાદ:

## ભાણવડમાં સ્કુટર સાથે બાઈક ટકરાઈ પડતા પ્રૌઢાનો જમણો હાથ ભાંગ્યો

જામનગર તા. ૮: ભાણવડના રામેશ્વર પ્લોટ પાસે એક પ્રૌઢાના સ્કુટર સાથે સામેથી આવતું બાઈક ટકરાઈ પડતા આ પ્રૌઢાનો હાથ ભાંગી ગયો છે. તેઓએ બાઈકચાલક સામે પોલીસમાં ફરિયાદ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ શહેરના રણજીતપરામાં રહેતા નાથીબેન ખીમાણંદભાઈ ચાવડા નામના પ્રૌઢા મંગળવારે સાંજે ભાણવડ શહેરના રામેશ્વર પ્લોટ પાસેથી સ્કુટરમાં પસાર થતા હતા.

આ વેળાએ જીજે-૩૭-એન ૯૨૭૩ નંબરના મોટરસાયકલના ચાલકે તેઓને હડફેટે લીધા હતા. રોડ પર પછડાયેલા નાથીબેનનો હાથ ભાંગી ગયો હતો. તેઓએ સ્કુટરના ચાલક સાહીલ અસરફ સમા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### ભીડનો લાભ લઈ બે તોલાનો ચેઈન ખેંચાઈ ગયો:

## દ્વારકામાં દર્શનાર્થે આવેલા મહિલાના ગળામાંથી સેરવાઈ ગયો સોનાનો ચેઈન

જામનગર તા. ૮: દ્વારકામાં દર્શનાર્થે આવેલા શિવરાજપુરના એક મહિલાના ગળામાંથી સપ્તાહ પૂર્વે ભીડનો લાભ લઈ અજાણી મહિલાએ બે તોલાના સોનાના ચેઈનની ચીલઝડપ કરી છે.

દ્વારકા નજીકના શિવરાજપુર ગામમાં રહેતા ભક્તિબેન ગજુભા હાથલ નામના મહિલા ગયા ગુરૂવારે દ્વારકા આવ્યા હતા.

આ મહિલા મંદિરમાં પૂર્વ દરવાજા પાસે દર્શન કરવા માટે ઉભેલી ભીડમાં સામેલ થયા ત્યારે તેમના ગળામાંથી કોઈ અજાણી મહિલા અંદાજે રૂા.૨ લાખ ૪૦ હજારની કિંમતનો સોનાનો બે તોલાનો ચેઈન સરકાવીને પલાયન થઈ ગઈ હતી. ભક્તિબેને ગઈકાલે દ્વારકા પોલીસ સ્ટેશનમાં તેની ફરિયાદ નોંધાવી છે.

### જામનગરમાં કોલ્ડ-ડે:

છેલ્લા પૃષ્ઠથી ચાલુ...

પ્રજાજનોને તેના રોજ-બરોજના કામો કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઉત્તર ભારતમાં થયેલી હિમવર્ષાના પગલે હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, બિહાર, રાજસ્થાન અને ગુજરાતમાં પણ ઠંડીમાં વધારો થયો છે. કડકડતી ઠંડીના પગલે લોકો ધ્રુજી ઊઠ્યા છે.

ઉત્તર ભારતના બર્ફીલા પવનના પગલે ગુજરાતમાં પણ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યના ઘણાં ભાગોમાં તાપમાનનો પારો સિંગલ ડિજિટમાં ચાલ્યો ગયો છે. અસહ્ય ઠંડીથી પ્રજાજનો ધ્રુજી ઊઠ્યા છે.

હિમાલય પરથી આવતા ઠંડા પવનના કારણે સમગ્ર હાલાર પંથકમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે. શિતલહેરથી હાલારવાસીઓ ઠૂંઠવાય ગયા છે. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાસ કરીને નગરસિમ અને ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ ધોરીમાર્ગો પર તીવ્ર ઠંડી અનુભવાઈ રહી છે.

જામનગરમાં ગુરુવારે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન બે ડીગ્રીના ઘટાડા સાથે ન્યુનતમ તાપમાનનો પારો સિઝનમાં પ્રથમ વખત ૧૧ ડીગ્રીએ પહોંચી જતા ગઈકાલનો દિવસ સિઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. નગર આખુય ઠંડુગાર થઈ ગયું હતું. અસહ્ય ઠંડીથી લોકો ધ્રુજી ઊઠ્યા છે.

અસહ્ય ઠંડી સામે રક્ષણ મળે તે માટે પ્રજાજનો ગરમ કપડામાં લપેટાઈ ગયા છે. રાત્રે લોકોએ કામ વગર ઘરની બહાર જવાનું ટાળ્યું હતું. ઠંડી સામે રક્ષણ મળે તે માટે જનતાએ ગરમ વસ્ત્રો, ગરમ પીણા તથા તાપણાનો સહારો લીધો હતો.

નગરમાં છેલ્લા ચોવિસ કલાક દરમિયાન અડધા ડીગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન પચ્ચીસ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા રહ્યું હતું. પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૨૦ થી ૨૫ કિ.મી.ની રહેવા પામી હતી.

## ચિરવિદાય

જામનગર: સુરેશભાઈ મગનલાલ સોમૈયા (બેડીવાળા), તે લાલજીભાઈ રવજીભાઈ ચંદારાણાના જમાઈ, દિપ, દિશાના પિતા, વિધી દિપ સોમૈયાના સસરાનું તા. ૫ ના અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તથા પિયરપક્ષની સાદડી તા. ૮ના ગુરૂવારે સાંજે ૪ થી ૪:૩૦ દરમ્યાન રામેશ્વર મહાદેવ મંદિર, રામેશ્વરનગર, જામનગરમાં રાખવામાં આવી છે.

જામનગર: મયુરભાઈ ગણાત્રા (ઉ.વ.૪૨) તે સ્વ. હરીશભાઈ વસંતરાય ગણાત્રા (જલારામ રેસ્ટોરન્ટ)ના પુત્ર, સ્વ. હિતેશભાઈ વસંતરાય ગણાત્રા(જલારામ રેસ્ટોરન્ટ-દરબારગઢ), યોગેશભાઈ વસંતરાય ગણાત્રા, અનિલભાઈ વસંતરાય ગણાત્રા, ગીરીશભાઈ ધનજીભાઈ ગણાત્રા (પ્રકાશ રેસ્ટોરન્ટ) ના ભત્રીજા, મેહુલભાઈ હરીશભાઈ ગણાત્રા, નિમેષ હરીશભાઈ ગણાત્રા, વિકી હરીશભાઈ ગણાત્રા, તુષાર હરીશભાઈ ગણાત્રા, હાર્દિક ગિરીશભાઈ ગણાત્રા, દિપેશ હિતેષભાઈ ગણાત્રા, વિશાલ યોગેશભાઈ ગણાત્રા, વિવેક યોગેશભાઈ ગણાત્રાના ભાઈનું તા. ૫ ના અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૮ ને ગુરૂવારે સાંજે ૫ થી ૫:૩૦ દરમ્યાન પાબારી હોલ, તળાવની પાળ પાસે, જામનગરમાં રાખેલ છે.

જામનગર: કિશોરચંદ્ર એ. પંડયાના પુત્ર ભાવેશ, તે હિમાન્શુભાઈ, હિતેન્દ્રભાઈ, પ્રહલાદભાઈ, સંગીતાબેન જે. જોશી, દિવ્યાબેન કે. પંડયાના ભાઈનું તા. ૭ ના અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૮ ને ગુરૂવારે સાંજે ૫ થી ૫:૩૦ દરમ્યાન કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, કે.વી.રોડ, જામનગરમાં રાખેલ છે.

જામનગર: મનસુખલાલ જેઠાલાલ દાઉદરા, તે હિતેષભાઈ, દિપકભાઈના પિતાનું તા. ૭ ના અવસાન થયું છે. સદ્ગતનું ઉઠમણું તા. ૮ ના સાંજે ૪:૩૦ થી ૫ દરમ્યાન વાંઝા જ્ઞાતિનું હિંગળાજ માતાજીના મંદિરે, ભગવાન સંગજીની શેરી, જામનગરમાં રાખેલ છે.

### ભણતરની ચિંતા...

છેલ્લા પૃષ્ઠથી ચાલુ...

લલીતાબેનને સારવાર માટે દવાખાને લઈ જવાયા પછી વધુ સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ચકાસ્યા પછી આ મહિલાને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. પતિ પિન્ટુભાઈએ પોલીસને જાણ કરી છે. શેઠવડાળા પોલીસે આત્મહત્યાનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના રાવલ ગામમાં રહેતા જયેશભાઈ કેશવભાઈ વાઘેલા નામના અઢાર વર્ષના યુવાને મંગળવારની રાત્રે પોતાના ઘરની ગેલેરીમાં જઈ ત્યાં ગળાફૂંપો ખાઈ લીધો હતો. આ યુવાનનું ટૂંકી સારવાર પછી મૃત્યુ નિપજ્યું છે. પિતા કેશવભાઈ રૂડાભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરી છે. કલ્યાણપુર પોલીસે આ યુવાનની આત્મહત્યા પાછળનું કારણ જાણવા તપાસ આરંભી છે.

### ભારત સામે ૫૦૦ ટકા...

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

રશિયા પાસેથી તેલની ખરીદીને લઈને ભારત અને ચીન પર અમેરિકા પોતાની પકડ વધુ આક્રમક કરી શકે છે. રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક દ્વિપક્ષીય બિલને મંજૂરી આપી છે જે રશિયા પાસેથી તેલ અને યુરેનિયમ ખરીદનારા દેશોને દંડ કરશે.

જોકે, સેનેટ અને ગૃહ નેતૃત્વએ અગાઉ આ બિલ પર મતદાન મુલતવી રાખ્યું છે. આનું કારણ એ હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે તેઓ ભારતમાંથી સીધા આયાત કરાયેલા માલ પર ટેરિફ લાદવાનું વધુ અસરકારક માને છે. ભારત રશિયાથી તેલનો વિશ્વનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે, ત્યારબાદ ચીન આવે છે.

નોંધનીય છે કે ગયા વર્ષે ટ્રમ્પે ભારત પર ૨૫% પારસ્પરિક ટેરિફ લાદ્યો હતો, સાથે જ રશિયન તેલ ખરીદવા પર વધારાના ૨૫% દંડ પણ લાદ્યો હતો. આનાથી કેટલાક ભારતીય ઉત્પાદનો પર કુલ ટેરિફ ૫૦% થયો હતો, જેના કારણે નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધોમાં તણાવ આવ્યો હતો. ચીન સાથે અમેરિકાના વેપાર સંબંધો પણ બગડ્યા છે. અમેરિકાએ ચીની માલ પર ૧૪૫% સુધી ટેરિફ લાદ્યો હતો, જેનો જવાબ ચીને અમેરિકન ઉત્પાદનો પર ૧૨૫% ટેરિફ લાદીને આપ્યો હતો. હવે, નવા પ્રતિબંધ બિલથી આ સંઘર્ષ વધુ તીવ્ર બની શકે છે.

### દેશમાં પહેલી એપ્રિલ

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

કોરોના રોગચાળાને કારણે મોકૂફ રાખવામાં આવી હતી, જે હવે રૂ. ૧૧,૭૧૮.૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. વસ્તી ગણતરીની આ પ્રક્રિયા બે મુખ્ય ભાગમાં વહેંચાયેલી હશે. પ્રથમ તબક્કામાં 'હાઉસ લિસ્ટિંગ' અને મકાનોની ગણતરી એટલે કે મકાનોની વિગતો, વીજળી, પાણી અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો ડેટા લેવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં દરેક વ્યક્તિની ઉંમર, શિક્ષણ, ધર્મ, વ્યવસાય અને જ્ઞાતિની વિગતો નોંધવામાં આવશે.

આ વખતે સરકાર દ્વારા નાગરિકોને 'સેલ્ફ-એન્યુમરેશન'(પોતાની વિગતો જાતે ભરવી)નો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. દરેક રાજ્યમાં હાઉસ લિસ્ટિંગની પ્રક્રિયા શરૂ થાય તેના ૧૫ દિવસ પહેલા જનતા ઓનલાઈન પોર્ટલ અથવા મોબાઈલ એપ દ્વારા પોતાની વિગતો જાતે ભરી શકશે. ત્યારબાદના 30 દિવસમાં સરકારી કર્મચારીઓ ઘરે-ઘરે જઈને બાકીની વિગતો નોંધશે.

આ વખતે રજિસ્ટર કે ફાઈલોના બદલે મોબાઈલ એપ અને ટેબ્લેટનો ઉપયોગ કરવામાં આવશે. ડિજિટલ વસ્તી ગણતરીના કારણે ડેટામાં ભૂલોની શક્યતા ઘટશે અને તે સીધો સર્વર પર અપલોડ થવાથી આંકડાઓ ઝડપથી જાહેર કરી શકાશે. સરકાર લોકોને પોતાની વિગતો જાતે ઓનલાઈન ભરવા માટે 'સેલ્ફ-એન્યુમરેશન'નો વિકલ્પ પણ આપી શકે છે. ડેટા સુરક્ષા અને ગોપનીયતા જાળવવી એ સરકાર માટે મોટો પડકાર છે, જેના માટે કડક વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ભારતમાં છેલ્લે ૧૯૩૧માં જ્ઞાતિ આધારિત વિગતો એકત્ર કરવામાં આવી હતી. આટલા વર્ષો પછી આ વખતે વસ્તી ગણતરીના ફોર્મમાં જ્ઞાતિની ઓળખ પણ નોંધવામાં આવશે, જે સામાજિક નીતિઓ ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સરકાર આ વખતે 'સેન્સસ-મેનેજમેન્ટ-સર્વિસ'(સીએમએમએસ) મોડલ અપનાવી રહી છે, જેનાથી વિવિધ મંત્રાલયોને નીતિ-નિર્માણ માટે જરૂરી ડેટા એક ક્લિક પર મશીન-રીડેબલ ફોર્મેટમાં મળી રહેશે. સમગ્ર પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે 'સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ' પોર્ટલ પણ તૈયાર કરવામાં આવ્યું છે, જે ડેટાની સુરક્ષાની સાથે પારદર્શિતા પણ સુનિશ્ચિત કરશે.

નિયમ મુજબ આ વસ્તી ગણતરી વર્ષ ૨૦૨૧માં થવાની હતી, પરંતુ કોરોના મહામારી અને ત્યારબાદ ડિજિટલ સિસ્ટમ તૈયાર કરવામાં સમય લાગતા હવે તે ૨૦૨૬માં શરૂ થઈ રહી છે. આ વસ્તી ગણતરી માત્ર આંકડાઓની રમત નથી, પરંતુ તે આવનારા દાયકાઓ માટે ભારતનું નવું સામાજિક અને આર્થિક માળખું નક્કી કરનારો પાયો સાબિત થશે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

કેટેગરી કોઈ જાતિ માટે અનામત નથી, પરંતુ મેરિટ પર આધારિત છે. જો અનામત શ્રેણીનો કોઈ ઉમેદવાર જનરલ કટ ઓફ થી વધુ માર્કસ મેળવે, તો તેને જનરલ સીટમાં જ જગ્યા મળશે. રાજસ્થાન હાઈકોર્ટે આપેલા એક ચૂકાદા સંદર્ભે સુપ્રિમકોર્ટે આ ફેંસલો સંભળાવ્યો હતો, જેની અસર આખા દેશમાં થવાની છે. અદાલતે બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૧૬ને ટાંકીને સમાનતાના અધિકારનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ ફેંસલો દૂરગામી અસરો ઊભી કરવાનો છે.

એક ફેંસલો એવો પણ આવ્યો છે કે એક વખત નોકરીની પરીક્ષા આધારિત અનામતનો લાભ લઈ લીધો હોય, તે પછી તેને સામાન્ય કેટેગરીનો ફાયદો મળી શકે નહીં. આમ, સુપ્રિમકોર્ટમાં થતા અવલોકનો તથા લેવાતા નિર્ણયો સમાજ, સરકાર અને સામાન્ય જનતાને સીધી અસર કરતા હોય છે.

સાર્વજનિક હેતુઓ માટે થતા જમીન સંપાદનના વળતરમાં કોઈપણ કારણે વિલંબ થાય તો વળતરની રકમ પર વ્યાજ મેળવવાનો જમીન માલિકને અધિકાર છે, પરંતુ જમીનના બદલામાં નોકરી આપવાનો કે કોઈ સમાધાન હેઠળ જમીન માલિકને જમીન પરત આપવાની જોગવાઈ નથી, તે પ્રકારનો જે ફેંસલો સર્વોચ્ચ અદાલતે આપ્યો હતો, તેની પણ દેશવ્યાપી અસરો થઈ છે અને કેટલાક વર્તમાન કિસ્સાઓમાં પણ તેનો સંદર્ભ અપાઈ રહ્યો છે.

સબરીમાલા મંદિરમાં દ્વારપાળ દેવતાઓની મૂર્તિઓ તથા શ્રીકોવિલના દરવાજાઓ પર ચડાવાયેલું સોનુ ચોરાઈ જવાના કેસમાં એસઆઈટીએ દેવસ્વોમ બોર્ડના બે પૂર્વ પ્રમુખો સહિત ૧૦ની ધરપકડ કર્યા પછી કેરળ હાઈકોર્ટે કરેલી એક ટિપ્પણી હટાવવા સુપ્રિમ કોર્ટમાં બોર્ડના સભ્યે કરેલી અરજી ફગાવી દેતા અદાલતે કડક ટિપ્પણી કરી હતી કે "તમે ભગવાનને પણ છોડયા નથી..." આ સુનાવણી તથા અદાલતની ટિપ્પણીઓની પણ દેશવ્યાપી અસરો પડવાની છે.

હાલાર સહિત રાજ્ય અને સમગ્ર દેશમાં આવરા કૂતરાઓની સમસ્યા વધુને વધુ વકરી રહી છે, અને હવે તે રખડતા ઢોર જેટલી જ ગંભીર બની ગઈ છે, શાળાએ જતા નાના બાળકો, સ્કૂલવેન કે રિક્ષામાંથી ઉતરીને પોતાના ઘર તરફ જતા હોય, તેની પાછળ પડતા કૂતરાઓ, દ્વિચક્રી વાહનો પાછળ દોડીને બચકા ભરવાના પ્રયાસો કરતા રખડુ કૂતરાઓ, જાહેર માર્ગો પર ટ્રાફિકની વચ્ચોવચ્ચ દોડાદોડી કરીને અકસ્માતો નોતરતા શ્વાનો અને ગામડું હોય કે શહેર, ગમે તેને ગમે ત્યારે કરડી લેતા કૂતરાઓની સમસ્યા હવે સડકથી સુપ્રિમકોર્ટ સુધી પહોંચી છે. અને હવે તો આ મુદ્દે સંસદમાં કોઈ કડક કાયદો ઘડીને આ ગંભીર અને જીવલેણ ગણાતી સમસ્યા અટકાવવાની (વ્યંગાત્મક?) જરૂર પણ જણાવાઈ રહી છે.

શેરી-ગલીઓમાં રખડૂ આવારા કૂતરાઓના મુદ્દે સુપ્રિમકોર્ટમાં એક અરજી પર સુનાવણી કરતા સર્વોચ્ચ અદાલતે એવી ટિપ્પણી કરી હતી કે કોઈપણ વ્યક્તિ કૂતરું કરડવાના "મૂડ" માં છે કે નહીં તે નક્કી કરી શકે નહીં. સાયકલ કે દ્વિચક્રી વાહન પર જતા લોકોને કૂતરા પીછો કરે ત્યારે તે ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. તમામ શેરી-ગલી-માર્ગો અને ધોરીમાર્ગો શ્વાનમૂક્ત (કૂતરાઓ વિહોણા) હોવા જોઈએ, તેવી દલીલનું સમર્થન કરતા અદાલતે કહ્યું હતું કે આવી સ્થિતિ સુનિશ્ચિત કરવા તંત્રોએ કવાયત કરવી જ પડશે.

પશુ અધિકાર ગૃપના વકીલ કપીલ સિબ્બલે જ્યારે એવી દલીલ કરી કે તેઓ યુનિવર્સિટીમાં હતા, ત્યારે ત્યાં ઘણાં બધા કૂતરાઓ હતા, પરંતુ એક પણ કૂતરું તેમને ક્યારેય કરડયું નથી, તો સુપ્રિમકોર્ટે કપિલ સિબ્બલની માહિતી આઉટડેટેડ ગણાવીને કહ્યું હતું કે નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટીમાં કૂતરા કરડવાના ઘણાંબધા બનાવો નોંધાયા છે. એક તબક્કે અદાલતે હળવા સ્વરે એવો કટાક્ષ પણ કર્યો કે શું કૂતરાઓ કરડે નહીં, તે માટે કૂતરાઓનું કાઉન્સિલીંગ થઈ શકે ખરૂં?

આખી સુનાવણી દરમ્યાન સુપ્રિમકોર્ટે મહત્ત્વપૂર્ણ અવલોકનો તથા ટિપ્પણીઓ કરી હતી. અદાલતે સ્કૂલો, હોસ્પિટલો, કોલેજો, કોર્ટ પરિસર, સરકારી સંકુલો, રસ્તાઓ સહિત જાહેર સ્થળોને કૂતરામુક્ત રાખવાની જરૂર જણાવી પશુપ્રેમીઓને કૂતરાઓ માટે નિયત આશ્રયસ્થળો (શેલ્ટર હોમ્સ)માં જ શ્વાનોને ભોજન આપવાની સલાહ આપી હતી. અદાલતે કહ્યું હતું કે શ્વાનોને ઠાર કરી દેવા કે હટાવી દેવાનું કોઈ કહી રહ્યું નથી. માત્ર તેઓથી સામાન્ય જનતાને થતી પરેશાનીઓ તથા ગંભીર અકસ્માતોની સંભાવના ખતમ કરવાની વૈકલ્પિક વ્યવસ્થાઓ જ સૂચવાઈ રહી છે.

ઘરમાં પશુને રાખવાના મુદ્દે પણ રસપ્રદ દલીલબાજી થઈ હતી. ઘરમાં શ્વાન રાખવાના મુદ્દે એવી દલીલ થઈ કે પોતાના ઘરમાં કયુ પશુ રાખવું તે નાગરિકોના વિવેક પર નિર્ભર કરે છે, તો અદાલતે કહ્યું કે ગેટેડ કોમ્યુનિટીમાં કૂતરાઓને ફરવા દેવા કે નહીં, તે અંગે ૯૦ ટકા રહેવાસીઓ અસહમત હોય અને માત્ર ૧૦ ટકા જ સહમત હોય, ત્યારે શું કરશો? કાલે કોઈ કહેશે કે મારે દૂધ માટે ભેંસ શેરીમાં બાંધવી છે તો તેને બાંધવા દેશો?

સુપ્રિમકોર્ટમાં ચાલી રહેલી આ સુનાવણી સામાન્ય જનતાને સીધી સ્પર્શે છે, તેથી ગઈકાલથી જ આ મુદ્દો "ટોક ઓફ ધ નેશન" બન્યો છે.

રખડતા ઢોર, આવારા કૂતરા તથા બિસ્માર આંતરિક શહેરી માર્ગોના મુદ્દે ગુજરાત હાઈકોર્ટ પણ અવાર-નવાર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા રાજ્ય સરકારની ઝાટકણી કાઢતી રહે છે, પરંતુ સમગ્ર રાજ્ય અને દેશમાં પણ આ જ નાની ગણાવાતી સમસ્યાઓ હવે વિકરાળ સ્વરૂપ લેવા લાગી છે, અને તેના પડઘા સુપ્રિમકોર્ટ સુધી પડયા છે, ત્યારે હવે સમગ્ર દેશની રાજ્યસરકારો તથા કેન્દ્ર સરકાર સાથે મળીને તથા રાજનીતિથી ઉપર ઉઠીને રખડતા ઢોર અને આવારા કરડતા કૂતરાઓની સમસ્યાનો કોઈ કાયમી અને નક્કર ઉકેલ અમલમાં મૂકે, તેવું જનતા ઈચ્છી રહી છે, પણ...?!?